 अर्हं नमः

यौवने विकरोत्येव, मनः सयमि नामपि।

राजमार्गेऽपिरोहन्ति, प्रावृट्काले किलाङ्कुराः ॥२॥

જુવાનીમાં સંયમિયોનું પણ મન ચલાયમાન થઈ જાય છે.


जुवानी दीवानी है।

" જુવાની ગદ્ધા પચીસી છે "

જેણે જુવાનીને સંભાળી લઈ સદાચારની મહોર છાપ ભુંસાવા દીધી નથી તેજ આ વિશ્વનો વીરપુરુષ છે. જુવાનીમાં ઇંદ્રિયોને જીતવી તે તો અગ્નિમાં પગ નાંખી ન દાઝવા જેવું દુષ્કર છે. તેથીજ ઇંદ્રિયજીતને પુરુષોત્તમની ઉપમા આપવામાં આવે છે. સામાન્ય રીતે જુવાનીમાં સંયમિઓ પણ ચલિત થાય છે. તો બીજા પામર પ્રાણીનું શું કહેવું ?" દૃષ્ટાન્તથી દેખાડે છે કે-ચોમાસામાં રાજરસ્તા ઉપર ઘાસના અંકુર ફુટી નીકળે છે. તેમ સંયમિઓ પણ જુવાનીમાં બળવાન નિમિત્ત મળતા જ્ઞાનોપયોગ ચૂકે તો મન ચંચળ થઈ પતિત થાય છે માટે જેણે જુવાનીમાં મન જીત્યું તેને કોટી કોટી વંદન.

॥ ૐ અર્હં નમઃ ॥

॥ ૐ હ્રીં શ્રી સદ્ગુરૂભ્યો નમઃ ॥



ઉદાસી શ્રી ચંદ્રસાગરજી મહારાજ

(ખંભાત)

ॐ अर्हम् नम :

શ્રી સાધુ–ચર્યા

– અર્થ તથા ભાવાર્થ –

સહિતા

(શ્રી જિન પૂજા મહત્વ)

—: ચિંતક :—

ઉદાસી મુનિ ચંપકસાગરજી (સત્યાનંદ)

—: પ્રકાશક :—

શ્રી જૈન સદાચાર સાહિત્ય સમિતિ–પંચાસર

પોસ્ટ દસાડા, વાયા–વિરમગામ (ઉ.ગુ.)

પ્રથમાવૃત્તિઃ- વિક્રમ સં.–૨૦૩૧

નકલ. ૫૦૦ વીર સં.–૨૫૦૧

મુદ્રણ સ્થળ :
શ્રી શેપલ પ્રીન્ટીંગ પ્રેસ,
કપાસીયા બજાર,
અમદાવાદ–૨.

ॐ નમો વીતરાગાય

બે બોલ

સાધુ ચર્યા અને શ્રી જિન સ્તુતિમાં શ્રી દેવગુરુનું મહત્વ સમજાવ્યું છે.

અઢાર દોષ રહિત વીતરાગ તત્ત્વ જેમને સમજાણું તેવા મુમુક્ષુને સંસાર સુખોની કામના રહેતી નથી. તેમજ ગુરુ તત્ત્વનું મહત્વ જેમને સમજાણું તેમને નિગ્રંથ બનવાની ભાવના હૃદયમાં સતત રમતી હોય છે.

એ બન્ને તત્ત્વોનો આદર કરવાથી જીવને શ્રી વીતરાગ-વાણી સમજવાનો ક્ષયોપશમ વૃદ્ધિ પામતો હોય છે. એમાં શંકાનું સ્થાન નથી.

મુમુક્ષુએ પોતાની લાયકાત પ્રથમ વિચારવી જોઈએ."

મુમુક્ષુ એટલે સંસારના ભોગ-રૂચિનો અભાવ, મોક્ષ ભાવની અત્યંત અભિલાષા. એજ સાચો મુમુક્ષુ કહેવાય છે.

જે મુમુક્ષુ વીતરાગ વાણીને ખૂબ ખૂબ વાગોળ્યા કરે, તથા આચરણમાં મૂકવાની ભાવના સતત સેવ્યા કરે તે મુમુક્ષુ પ્રથમ માનવતા માટે મથે છે. માનવતાના ગુણો પોતામાં આવે તે માટે સતત ચિંતિત રહે છે.

પ્રથમ તો સર્વ જીવોનું કલ્યાણ ચાહવું, બીજું પ્રમાણિકતાથી જીવન જીવવું, ત્રીજું વ્યસન અને ફેશનથી મૂકત રહેવું. એ ત્રણે ગુણોમાં મુમુક્ષુ પાસ થાય, પછી ભેદ વિજ્ઞાનનો અભ્યાસ કરે. ત્યાર પછી સહજે આગળ આગળ વધી શકે છે.

માટે મુમુક્ષુ શ્રીદેવ ગુરુ ધર્મ પાસે એજ ઇચ્છા માનવતા–વૈરાગ્ય– ત્યાગ–તપ –ધ્યાન અનુક્રમે મને થાઓ.

તેથી શ્રીદેવ ગુરુ ર્મ સંબંધી આ નાનીશી કુ… જીવ માર્ગ દર્શન પામી શકે એજ શુભ ભાવના.

મતિ દોષ પ્રેમ દોષથી જે કંઇ ક્ષતિ રહી હોય તે વાંચકો સુધારીને વાંચેકો સુધારીને વાંચે અને ભૂલની મને ક્ષમા આપે."

લિ. ઉદાસી ચંપક સાગર તા–૨૦–૧–૭૫
ચાલુવિહાર વિજાપુર જૈન સોસાયટી. (ઉ. ગુ.)



— શુદ્ધિપત્રક —

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧	૫	સ્વરનઆગાણ	સ્વરૂપાગારાણ
૧	૫	પોસાદિપાદિનો	પાયાદિનો
૭	૨	ગુમ્ણાદ્યાંગાજ-ગ-પિ	ગુમ્ણાદ્યાંગાજ્ઞાદ્રવિ
૧૮	૨	જન	જૈન
૧૯	૧૬	ગીગેરે	વગેરે

પરિશિષ્ટ ૧

વિચારવા યોગ્ય

પ્રશ્ન :— પ્રથમ સમ્યગ્જ્ઞાન કે સમ્યગ્દર્શન ?

ઉત્તર :— નિશ્ચય નિર્વિકલ્પદશામાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સ્વરનયાચરણ ચારિત્ર્ય એ ત્રણે યુગપત્ એકી સાથે હોય છે.

વ્યવહાર સવિકલ્પ દશા એટલે શુદ્ધ ભાવમાં પ્રથમ સમ્યગ્જ્ઞાન પછી દર્શન–યથાર્થ શ્રદ્ધા પછી સ્વરૂપાચરણ ચારિત્ર્યનું લક્ષ હોય છે.

ઔદાયિક શુભ વ્યવહાર ભાવમાં પ્રથમ સમ્યગ્દર્શન પછી જ્ઞાન પછી વ્યવહાર રુપ દ્રવ્ય ચારિત્ર્ય હોય છે ત્યાં નવતત્ત્વોનું શ્રદ્ધાન તથા શ્રીવીતરાગદેવ ગુરુમાં ભક્તિભાવ હોય છે. અને પોસાદિપાડિંનો હૃદયમાં ભય વર્તે છે.

આજે એવા જીવોથી શ્રી દિગંબર શ્વેતાંબરોનું શાસન ચાલે છે. શુદ્ધભાવવાળા જીવોને તો એક જ જિનત્ત્વ નિજત્વમાં રમણતા હોવાથી તેવા હૃદયમાં શ્વેતાંબર દિગંબર કે અન્ય પેટાભેદો હોતા નથી.

જે જીવ દ્રવ્યથી શુદ્ધ ચારિત્ર પાલતો હોય, પણ ભાવથી પાલતો હોય કે ન પણ પાલતો હોય એમાં વિકલ્પ રહે છે.

જે જીવ ભાવથી શુદ્ધ ચારિત્ર પાલતો હોય તે જીવ

દ્રવ્યથી શુદ્ધ ચારિત્ર પાલતો જ હોય છે. કારણ કે જે અંતરમાં ત્યાગી હોય તે બાહ્ય ત્યાગી હોય જ પણ જે બાહ્ય ત્યાગી હોય તે અંતરમાં ત્યાગી હોય કે ન પણ હોય !....જેમકે માણસ ચોરી કરતો નથી પણ ચોરીના પરિણામ કરતો હોય તો તે તેવા પાપ કર્મથી બંધાય છે પણ જે જીવ ચોરીના પરિણામ જ કરતો નથી તો તેના હાથે ચોરી થાય જ શી રીતે ? અર્થાત્ થાય જ નહીં.

પ્રશ્ન :–કોઈ મુમુક્ષુ સર્વવિરતિ આદરવાની ભાવના રાખતો હોય તો તેને ભાવ સાધુ કહેવો કે નહિ ?

ઉત્તર :–ના. "ત્યારે તેને શું કહેવાય ?".... "ચારિત્રની ભાવનાવાળો છે. મુમુક્ષુ છે. પણ ભાવ સાધુ તો તેને જ કહેવાય કે જે મુનિ બાહ્ય અને અભ્યંતર બન્ને રીતે યથાર્થ ચારિત્ર પાલતા હોય. અતિચાર પણ લગાડતા ન હોય, અથવા લાગે તો અતિચારની આલોચના પ્રતિક્રમણ કરતા હોય એવા મુનિરાજ જ પંચપરમેષ્ઠીમાં નમસ્કારને યોગ્ય છે."

ૐ સત્ ચિંતક : ઉદાસી ચંપક સાગર. (સત્યાનંદ)

તા. ૯–૩–૭૨, બોરસદ

। ॐ अर्हं नमः ।

प्राकृत

ममत्तं परिवज्जामि, निम्ममत्तं उवट्ठिओ;
आलंबणं च मे आया, अवसेसं च वोसिरे (१)

संस्कृत छाया

ममत्त्वं प्रवज्यामि, निर्ममत्वं उपस्थितः ।
आलंवनं च मम आत्मा, अवशेषं च विसर्ज्यामि ।

ગુર્જર છાયા

મમત્વને ત્યાગું છું, નિર્મમત્વમાં સ્થિર થયો છું.
મારે આત્માનું જ આલંબન છે. બીજાનો સંબંધ છોડું છું.

ભાવાર્થ:– જીવ અજ્ઞાન દશામાં અનાદિ કાળથી શરીર, ઈન્દ્રિય અને તેને લગતા વિષયોમાં સદા આસક્ત રહેતો હતો. જ્યારે શ્રી વિતરાગવાણીનું શ્રદ્ધાન કર્યું ત્યારે તેને સમજાયું કે આ મારી અનાદિની ભૂલ છે. જે પદાર્થ મારી સાથે ક્ષણે ક્ષણે સંબંધમાં આવે અને છૂટો પડે પણ નિત્ય મારી સાથે ટકતો નથી તો તેવા ક્ષણિક સંબંધવાળા પદાર્થ પર મારે કેવો મોહ કે મમતા કેવી રાખવી ! અનંત કાળ ગયો, અનંતા પુદ્ગળો ગ્રહણ કર્યાં ને છોડયા. તો પણ જીવને તૃપ્તિ ન થઈ. તો હવે શું આ પરિમિત્ત ભોગોથી તૃપ્તિ થશે. માટે હવે મારે કોઈ જીવમાં કે કોઈ પુદ્ગળમાં મમતા જોઈએ નહિ. કેવળ આત્મામાં જ મારું મન રમ્યા કરો, રમ્યા કરો.

મારી ચેતના એ જ ૐ છે. ચેતના એ ત્રિકાળ શાશ્વત છે. તેના દર્શન, જ્ઞાન, શ્રદ્ધાન, ચારિત્રાદિ ગુણો પણ શાશ્વત છે. ચેતનામાં લીનતા એ જ મોક્ષ, એ જ આનંદ, એ જ પરમાનંદ. એથી વધુ વિશ્વમાં કંઈ છે જ નહિ. “ સુખી સુખી સુખી સુખીને સુખી. સદા સદા સદા સદાને સદા. ”

—ચિંતક :– સત્યાનંદ

संस्कृत छाया

ममत्वं प्रवर्ज्यामि, निर्ममत्वं उपस्थितः ।
आलंबनं च मम आत्मा, अवशेषं च विसर्ज्यामि ।

ગુર્જર છાયા

મમત્વને ત્યાગું છું. નિર્મમત્વમાં સ્થિર થયો છું.
મારે આત્માનું જ આલંબન છે. બીજાનો સંબંધ છોડું છું.

ભાવાર્થ :– જીવ અજ્ઞાન દશામાં અનાદિ કાળથી શરીર, ઈન્દ્રિય અને તેને લગતા વિષયોમાં સદા આસક્ત રહેતો હતો. જ્યારે શ્રી વિતરાગવાણીનું શ્રદ્ધાન કર્યું ત્યારે તેને સમજાયું કે આ મારી અનાદિની ભૂલ છે. જે પદાર્થ મારી સાથે ક્ષણે ક્ષણે સંબંધમાં આવે અને છૂટો પડે પણ નિત્ય મારી સાથે ટકતો નથી તો તેવા ક્ષણિક સંબંધવાળા પદાર્થ પર મારે કેવો મોહ કે મમતા કેવી રાખવી ! અનંત કાળ ગયો, અનંતા પુદ્‌ગળો ગ્રહણ કર્યા ને છોડયા. તો પણ જીવને તૃપ્તિ ન થઈ. તો હવે શું આ પરિમિત્ત ભોગોથી તૃપ્તિ થશે. માટે હવે મારે કોઈ જીવમાં કે કોઇ પુદ્‌ગળમાં મમતા જોઈએ નહિ. કેવળ આત્મામાં જ મારું મન રમ્યા કરો, રમ્યા કરો.

મારી ચેતના એ જ ૐ છે. ચેતના એ ત્રિકાળ શાશ્વત છે. તેના દર્શન, જ્ઞાન, શ્રદ્ધાન, ચારિત્રાદિ ગુણો પણ શાશ્વત છે. ચેતનામાં લીનતા એ જ મોક્ષ, એ જ આનંદ, એ જ પરમાનંદ. એથી વધુ વિશ્વમાં કંઈ છે જ નહિ. "સુખી સુખી સુખી સુખીને સુખી. સદા સદા સદા સદાને સદા."

—ચિંતક :– સત્યાનંદ

संस्कृत छाया

ममत्वं प्रवज्यामि, निर्ममत्वं उपस्थितः ।
आलंबनं च मम आत्मा, अवशेषं च विसर्ज्यामि ।

ગુર્જર છાયા

મમત્વને ત્યાગું છું, નિર્મમત્વમાં સ્થિર થયો છું.
મારે આત્માનું જ આલંબન છે. બીજાનો સંબંધ છોડું છું.

ભાવાર્થ:- જીવ અજ્ઞાન દશામાં અનાદિ કાળથી શરીર, ઈન્દ્રિય અને તેને લગતા વિષયોમાં સદા આસક્ત રહેતો હતો. જ્યારે શ્રી વિતરાગવાણીનું શ્રદ્ધાન કર્યું ત્યારે તેને સમજાયું કે આ મારી અનાદિની ભૂલ છે. જે પદાર્થ મારી સાથે ક્ષણે ક્ષણે સંબંધમાં આવે અને છૂટો પડે પણ નિત્ય મારી સાથે ટકતો નથી તો તેવા ક્ષણિક સંબંધવાળા પદાર્થ પર મારે કેવો મોહ કે મમતા કેવી રાખવી! અનંત કાળ ગયો, અનંતા પુદ્ગળો ગ્રહણ કર્યા ને છોડયા. તો પણ જીવને તૃપ્તિ ન થઈ. તો હવે શું આ પરિમિત્ત ભોગોથી તૃપ્તિ થશે. માટે હવે મારે કોઈ જીવમાં કે કોઈ પુદ્ગળમાં મમતા જોઈએ નહિ. કેવળ આત્મામાં જ મારું મન રમ્યા કરો, રમ્યા કરો.

મારી ચેતના એ જ ૐ છે. ચેતના એ ત્રિકાળ શાશ્વત છે. તેના દર્શન, જ્ઞાન, શ્રદ્ધાન, ચારિત્રાદિ ગુણો પણ શાશ્વત છે. ચેતનામાં લીનતા એ જ મોક્ષ, એ જ આનંદ, એ જ પરમાનંદ. એથી વધુ વિશ્વમાં કંઈ છે જ નહિ. " સુખી સુખી સુખીને સુખી. સદા સદા સદા સદાને સદા."

—ચિંતક :- સત્યાનંદ

संस्कृत छाया

ममत्त्वं प्रवर्ज्यामि, निर्ममत्वं उपस्थितः ।
आलंबनं च मम आत्मा, अवशेषं च विसर्ज्यामि ।

ગુર્જર છાયા

મમત્વને ત્યાગું છું, નિર્મમત્વમાં સ્થિર થયો છું.
મારે આત્માનું જ આલંબન છે. બીજાનો સંબંધ છોડું છું.

ભાવાર્થ :– જીવ અજ્ઞાન દશામાં અનાદિ કાળથી શરીર, ઈન્દ્રિય અને તેને લગતા વિષયોમાં સદા આસક્ત રહેતો હતો. જ્યારે શ્રી વિતરાગવાણીનું શ્રદ્ધાન કર્યું ત્યારે તેને સમજાયું કે આ મારી અનાદિની ભૂલ છે. જે પદાર્થ મારી સાથે ક્ષણે ક્ષણે સંબંધમાં આવે અને છૂટો પડે પણ નિત્ય મારી સાથે ટકતો નથી તો તેવા ક્ષણિક સંબંધવાળા પદાર્થ પર મારે કેવો મોહ કે મમતા કેવી રાખવી ! અનંત કાળ ગયો, અનંતા પુદ્ગળો ગ્રહણ કર્યા ને છોડયા. તો પણ જીવને તૃપ્તિ ન થઈ. તો હવે શું આ પરિમિત્ત ભોગોથી તૃપ્તિ થશે. માટે હવે મારે કોઈ જીવમાં કે કોઇ પુદ્ગળમાં મમતા જોઈએ નહિ. કેવળ આત્મામાં જ મારું મન રમ્યા કરો, રમ્યા કરો.

મારી ચેતના એ જ ॐ છે. ચેતના એ ત્રિકાળ શાશ્વત છે. તેના દર્શન, જ્ઞાન, શ્રદ્ધાન, ચારિત્રાદિ ગુણો પણ શાશ્વત છે. ચેતનામાં લીનતા એ જ મોક્ષ, એ જ આનંદ, એ જ પરમાનંદ. એથી વધુ વિશ્વમાં કંઈ છે જ નહિ. “ સુખી સુખી સુખી સુખીને સુખી. સદા સદા સદા સદાને સદા.”

—ચિંતક :– સત્યાનંદ

શ્રી જિનપૂજાનું [illegible]

([illegible])

પ્રથમ કથા

: મંગલાચરણ :

पूर्णानन्दमयं महोदयमयं, कैवल्यचिद्दृङ्मयं,
रूपातीतमयं स्वरूपरमणं स्वाभाविकीश्रीमयम् ।
ज्ञानोद्योतमयं कृपारसमयं स्याद्वाद विद्यालयं,
श्री सिद्धाचलतीर्थराजमनिशं वन्देऽहमादीश्वरम् ॥ १ ॥

અર્થ :– નિર્વિકલ્પરૂપ સંપૂર્ણ આનંદમય, ન
આઠ કર્મના ક્ષયથી મહા ઉદયને પામેલા, સ્વ સ્વરૂપમાં
રમણતા કરવાવાળા, સ્વ સ્વભાવરૂપ લક્ષ્મીને પ્રાપ્ત કરે
તથા કેવળજ્ઞાને ત્રણે લોકમાં ઉદ્યોત કરનારા, અર્થાત્ ત્ર
લોકોના ભાવોને જાણનારા, પરમ અહિંસક સ્યાદ્વાદ સિદ્ધ
તનું ઘર, તેમજ શ્રી સિદ્ધાચલતીર્થ પર મૂર્તિરૂપ વિરાજ
માન એવા આદીશ્વર ઋષભદેવ પ્રભુને હું વંદન કરું છું (૧

श्रीमद् युगादीश्वर–मात्मपं योगीन्द्रगन्यं विमलाद्रिसंस्थम्
सद्ज्ञान् सद्दृष्टि तत्त्वं श्रीनाभिसूनुं प्रणमामि नित्यम् ॥ २

અર્થ :– આ અવસર્પિણી કાળના પ્રથમ–તીર્થંક
આત્મસ્વરૂપમાં લીન, યોગીઓને આરાધ્ય, વિમળાચલ ગિ

પર મૂર્તિરૂપે વિરાજમાન, સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ દર્શન-સમ્યક્ ચારિત્ર એ તત્ત્વત્રયના મૂર્તિરુપ શ્રી નાભિરાજાના પુત્ર એવા શ્રી રૂષભદેવ પ્રભુને હું હંમેશાં વંદન કરૂં છું (૨)

श्री शत्रुंजय-शैले, तिलकोपम-मादिदेव-मभिनत्वा ।
श्री श्रुतदेवी-चरणं, गुरुपादांबोज-मपिसम्यग् ॥ ३ ॥

અર્થ :- શ્રી શત્રુંજ્ય તીર્થના તિલક સમાન એવા આદિદેવ રૂષભ પ્રભુને નમસ્કાર કરીને તથા વિદ્યાદેવી અને ગુરુદેવના ચરણ કમળમાં નમીને તથા-(૩)

प्रणम्य श्रीजिनान् सर्वान् ; चतुर्विंशति सम्मितान् ।
स्नात्र-पञ्चाशिकां वक्षे, भव्यानां बोधहेतवे ॥ ४ ॥

અર્થ :- સર્વ ચૌવિશે જિનેશ્વરોને નમીને ભવ્ય જીવોના બોધ માટે સ્નાત્ર પંચાશિકાને હું કહીશ (૪)

વિશેષાર્થ :- શ્રી રૂષભાદિ ચૌવીસ તિર્થંકરો જન્મથી સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્ જ્ઞાની તથા સ્વરૂપાચરણ ચારિત્રવાળા હોય છે. તેથી તેમનું સ્નાત્રાદિ બહુમાન કરવાથી આપણો આત્મા પણ તે ગુણોને પામવાને યોગ્ય બને છે. અથવા તે ગુણોને પામે છે. તેથી ઇન્દ્રો પણ સ્વર્ગથી આવીને બાલ્યાવસ્થામાં તીર્થંકરોને મેરૂ ગિરિ પર લઈ જઈ સ્નાત્રાદથી બહુમાન કરે છે, અને પોતે ગુણવાન બને છે. એથી " गुणगाहियस्स " એવું ધર્મીઓને ધર્મનું વિશેષણ આપવામાં આવે છે. સર્વજ્ઞના કે શુદ્ધ આત્માના ગુણોની સંખ્યા અનંત છે. તો પણ સામાન્ય રીતે સમ્યગ્ જ્ઞાન-સમ્યગ્ દર્શન-સમ્યક્ ચારિત્ર આદિ ગુણોની સંખ્યા ગણાવી છે. એ

ગુણો સામાન્ય જીવોને તીરોભાવવાળા હોવાથી શ્રી જિનેશ્વર પ્રભુની મન–વચન–કાયાથી અષ્ટ પ્રકારે દ્રવ્ય ભાવથી પૂજા કરનારને જે ગુણોનો તીરોભાવ હોય છે, તેઓનો આવિર્ભાવ થાય છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ જણાવેલ છે કે :— પ્રશ્ન–" थय थुइ मंगलेण भंते ! जीवे किं जणइ ? । " શ્રી ગૌતમ સ્વામી શ્રી મહાવીર પ્રભુને પૂછે છે કે,–" હે ભગવન્ જીવને તીર્થંકરના સ્તવનસ્તુતિરૂપ મંગળ કરવાથી શું લાભ થાય છે ?" ઉત્તર :– " गोयमा थय थुइ मंगलं जीवा णाणे दंसणे चरित्ते लाभं जणइ" શ્રી વીર પ્રભુ વદ્યા કે, " હે ગૌતમ ! જીવોને શ્રી તીર્થંકરના સ્તવન સ્તુતિ કરવા વડે જ્ઞાન દર્શન અને ચારિત્રનો લાભ થાય છે. આ રીતે દ્રવ્ય ભાવથી શ્રી જિન પૂજા કરનારને અનંત સુખોની પ્રાપ્તિ થાય છે." વળી વિશેષ દેખાડે છે કે :–

दर्शनाद्दुरित ध्वंसी, चंदनाद्वांछितः प्रदः ।
पूजनात् पूरकः श्रीणां, जिनःसाक्षात्–सुरद्रुमः ॥ ५ ॥

અર્થ :– પ્રભુના દર્શન કરવાથી અનેક જન્મના દુઃખો નાશ પામે છે. વળી પ્રભુને વંદન કરવાથી ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિ થાય છે. વળી પ્રભુની અષ્ટ પ્રકારી પૂજા કરવાથી દ્રવ્યલક્ષ્મી તથા સમ્યગ્ જ્ઞાનરૂપ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. માટે જિનેશ્વરદેવ સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન છે. તેથી ભવ્ય જીવે પ્રભુની સ્નાત્ર–પૂજા કરવી. તેનું ફળ ઇહ-લોકમાં આબાદી પરલોકમાં દેવગતિ અને પરંપરાએ મોક્ષ ફળ આપનાર છે. વળી વિશેષ બતાવે છે :—

पापं लुम्पति दुर्गतिं दलयति, व्यापादयत्यापदं
पुण्यं संचिनुते श्रियं वितनुते, पुष्णाति नीरोगताम् ।
सौभाग्यं विदधाति पल्लवयति प्रीतिं प्रसूते यशः,
स्वर्गं यच्छति निर्वृतिं च रचयत्यर्चार्हतां निर्मिता ॥६॥

અર્થ :- હે ભવ્ય જીવો! જિનેશ્વરદેવની આણપૂર્વક ન કરે છે તેઓના પાપો નાશ પામે છે, દુર્ગતિમાં જવું ું પડતું નથી, વળી આપત્તિઓ આવતી નથી, તીર્થંકર આદિ પ્રકૃતિઓનો બંધ પુણ્યબંધ થાય છે, તેઓના સઘળા ગ્રહે લક્ષ્મીદેવી વાસ કરે છે. શરીર પણ રોગ રહિતપણું ભ થાય છે. સૌભાગ્યને વિસ્તારે છે. સજ્જનો પ્રીતિ તિ વધારે છે. યશ તો જગત આખો ગાય છે. સ્વર્ગ અને મ તો મોક્ષની પણ વરે છે. (૬) હવે શ્રી જિનદેવની ન કરવાથી કેવું સુખી થયું તે ધનસારનું દૃષ્ટાંત અપાય છે.

जिनेन्द्रार्चां सदा भावात् कुर्वाणो भव्यमानवः ।
इहैव लभते सौख्य-संततिं धन सारवत् ॥७॥

અર્થ :- જે ભવ્ય જીવ શ્રી જિનેન્દ્રની સદ્ભાવથી ન-પાઠ કરે છે, તે જીવ ધનસારની જેમ સુખની પરંપરાને મે છે. (૭)

— : અથ શ્રી ધનસારનું દૃષ્ટાન્ત : —

આ જ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં દક્ષિણાર્ધ ભરતના યખંડમાં શ્રીમાન પુરુષાદાણી અંતરીક્ષ-પાર્શ્વપ્રભુના પ્રતિ-ભાવથી સુશોભીત શ્રીપુર નામનું નગર છે. ત્યાં શત્રુઓનો ક્ષય કરનાર જિતશત્રુરાજા રાજ્ય કરતો હતો. તેને શીલ-

[illegible]

[illegible] ક્રિયામાં [illegible], તત્ત્વાર્થી, [illegible] [illegible] સદ્ગુરુ પાસે ધર્મ [illegible] ધર્મ દેશના સાંભળવા [illegible]

“ હે પ્રભો ! આ જગતમાં દુર્લભ શું ? ” ત્યારે ગુરુ કહે છે કે :—

હે મહાનુભાવ ! સાવધાન થઈને સાંભળ !

सुलहो विमाण-वासो एगछत्ताईमेइणी सुलहा ।
दुलहो पुण जीवाणं, जिणंदवर-सासणे बोहि ॥८॥

અર્થ : – વૈમાનિક દેવ થઈને દેવ લોકમાં વ[illegible] સહેલું છે એક છત્રી પૃથ્વીનું રાજ્ય સિંહાસન ભોગવવું [illegible] સુલભ છે. તો પણ જીવોને શ્રી જિનેન્દ્રોએ કહેલ ધ[illegible] તત્ત્વ ઉપર શ્રદ્ધા આવવી અતિ દુર્લભ છે. આગળ આવ[illegible] ગુરુવરે દેશ વિરતિ સર્વવિરતિરુપ ધર્મનું પણ નિરુ[illegible] કર્યું. તે સાંભળી સર્વ સભાજનો ખુશી ખુશી થઈ ગ[illegible] વળી કોઈકે સમકિત લીધું તો કોઈકે સામાન્ય વ્રતો લી[illegible] કોઈકે સર્વ વિરતિરુપ ચારિત્ર અંગિકાર કર્યું. તે અવ[illegible]

ધનસારે આવી અમૃતમય ગુરુદેવની વાણી સાંભળી પોતે ગુરુદેવ પાસે ભાવપૂર્વક અષ્ટ પ્રકારી નિત્ય પૂજા કરવાનો અભિગ્રહ કર્યો કે હવેથી મારે શ્રી જિનદેવની અષ્ટ પ્રકારે પૂજા કર્યા વિના મોઢામાં પાણી નાંખવું પણ કલ્પે નહીં, પછી ગુરુદેવે તે પ્રમાણે નિયમ ધનસારને કરાવ્યો.

હવે ધનસાર નિત્ય નિયમ મુજબ શ્રી જિનરાજની અષ્ટ પ્રકારી પૂજા ભક્તિ કરવા લાગ્યો. તેથી તેને પુન્યને અનુસારીને જાણે કે ચંદ્રને જોઈ સમુદ્ર ઉલ્લસે તેમ તેના ઘરમાં લક્ષ્મીદેવી રમવા લાગી. લોકો પણ આ રીતે ધનસારની સ્થિતિ સુધરેલી જોઈ એનાં ધર્મ માર્ગનું અનુકરણ કરવા લાગ્યા." ધનસાર પણ ધર્મી બંધુઓ પ્રત્યે વિનય અને પ્રીતિ ગુણ દેખાડવા લાગ્યો. છેવટે સાત ક્ષેત્રમાં પોતાની ન્યાયથી ઉપાર્જન કરેલ સંપત્તિનો સદ્વ્યય કરીને સ્વર્ગે ગયો. ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ ચારિત્ર પાળી મોક્ષે જશે. તે સાત ક્ષેત્ર નીચે મુજબ છે. :—

जिणभवणबिंबपुत्थय, संघसरूवेसु सत्तखित्तेसु ।
वविअं धणं पि जायइ, सिवफलयमहोअणंतगुणं ॥१०॥

અર્થ :— ૧ શ્રી જિનચૈત્ય. ૨ શ્રી જિનબિંબ. ૩ જ્ઞાન પુસ્તક. ૪ સાધુ. ૫ સાધ્વી. ૬ શ્રાવક. ૭ શ્રાવિકારૂપ [illegible] ધન [illegible] અનંત ગુણને આપે છે.

[illegible]

દ્વિતીય કથા

: મંગલાચરણ :

राजादमाधस्तनभूमीभागे, युगादिदेवांघ्रिसरोजपीठे ।
देवेन्द्रवंद्यं नरराजपूज्यं, सिद्धाचलाग्रस्थितमर्चयामि ॥१॥

અર્થ :– જેમને દેવેન્દ્રોએ અને રાજેન્દ્રોએ વાંદ્યા પૂજ્યા છે. તથા સિદ્ધાચલ પરના રાયણના ઝાડ નીચે ધ્યાનસ્થના અવશેષરુપ જેની ચરણપાદુકાની સ્થાપના છે. એવા યુગાદિ દેવના ચરણ કમલને હું ભાવ સહિત પૂજું છું. અથવા હૃદયમાં ધ્યાવું છું.

पूजां कुर्वन् जिनेन्द्रस्य, जनोऽभिग्रहपूर्वकम् ।
लभ्यते शिवशर्माणि, वीरनैगमवद्-द्रुतम् ॥२॥

અર્થ :– જે ભવ્યજીવ અભિગ્રહ પૂર્વક જિનેશ્વરની પુજા કરે છે. તે જીવ–વીર વણીકની જેમ મોક્ષ સુખને પ્રાપ્ત કરે છે. “ શીષ્યપ્રશ્ન–એ વીર વણિક કોણ છે ? અને એણે કેવી રીતે અરિહંતની પૂજા કરી અને સુખી થયો તે કૃપા કરીને કહો. ગુરુ કહે–સાવધાન થઈને સાંભળ.

વીરવણિક વાર્તા :—

આજ જંબૂદ્વિપના દક્ષિણાર્ધ ભરતમાં શ્રીપુર નામનું સુંદર નગર હતું. તે નગર અનેક જિનેન્દ્ર મંદિરો રાજમંદિરો તથા અતિ મોટા બજારાદિના વૈભવથી શોભતું હતું. તે નગરમાં પરાક્રમી એવો જીતારિ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શીયલ સુગંધીથી મહેકતી પ્રિયદર્શના

ધનસારે આવી અમૃતમય ગુરુદેવની વાણી સાંભળી પોતે ગુરુદેવ પાસે ભાવપૂર્વક અષ્ટ પ્રકારી નિત્ય પૂજા કરવાનો અભિગ્રહ કર્યો કે હવેથી મારે શ્રી જિનદેવની અષ્ટ પ્રકારે પૂજા કર્યા વિના મોઢામાં પાણી નાંખવું પણ કલ્પે નહીં, પછી ગુરુદેવે તે પ્રમાણે નિયમ ધનસારને કરાવ્યો.

હવે ધનસાર નિત્ય નિયમ મુજબ શ્રી જિનરાજની અષ્ટ પ્રકારી પૂજા ભક્તિ કરવા લાગ્યો. તેથી તેને પુન્યને અનુસારીને જાણે કે ચંદ્રને જોઈ સમુદ્ર ઉલ્લાસે તેમ તેના ઘરમાં લક્ષ્મીદેવી રમવા લાગી. લોકો પણ આ રીતે ધનસારની સ્થિતિ સુધરેલી જોઈ એનાં ધર્મ માર્ગનું અનુકરણ કરવા લાગ્યા." ધનસાર પણ ધર્મી બંધુઓ પ્રત્યે વિનય અને પ્રીતિ ખુબ દેખાડવા લાગ્યો. છેવટે સાત ક્ષેત્રમાં પોતાની ન્યાયથી ઉપાર્જન કરેલ સંપત્તિનો સદ્વ્યય કરીને સ્વર્ગે ગયો. ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ ચારિત્ર પાળી મોક્ષે જશે. તે સાત ક્ષેત્ર નીચે મુજબ છે. :—

[illegible] ।
[illegible] ॥૧૨॥

અર્થ :— ૧ શ્રી જિનમંદિર. ૨ શ્રી જિનબિંબ. ૩ [illegible]. ૪ સાધુ. ૫ સાધ્વી. ૬ શ્રાવક. ૭ શ્રાવિકા [illegible]

[illegible]

દ્વિતીય કથા

: મંગલાચરણ :

राजादमाधस्त्तनभूमीभागे, युगादिदेवांघ्रिसरोजपीठे ।
देवेन्द्रवंद्यं नरराजपूज्यं, सिद्धाचलाग्रस्थितमर्चयामि ॥१॥

અર્થ : – જેમને દેવેન્દ્રોએ અને રાજેન્દ્રોએ વાંધા પૂજ્યા છે. તથા સિદ્ધાચલ પરના રાયણના ઝાડ નીચે ધ્યાનસ્થના અવશેષરુપ જેની ચરણપાદુકાની સ્થાપના છે. એવા યુગાદિ દેવના ચરણ કમલને હું ભાવ સહિત પૂજું છું. અથવા હૃદયમાં ધ્યાવું છું.

पूजां कुर्वन् जिनेन्द्रस्य, जनोऽभिग्रहपूर्वकम् ।
लभ्यते शिवशर्माणि, वीरनैगमवद्-द्रुतम् ॥२॥

અર્થ : – જે ભવ્યજીવ અભિગ્રહ પૂર્વક જિનેશ્વરની પુજા કરે છે. તે જીવ–વીર વણીકની જેમ મોક્ષ સુખને પ્રાપ્ત કરે છે. " શીષ્યપ્રશ્ન–એ વીર વણિક કોણ છે? અને એણે કેવી રીતે અરિહંતની પૂજા કરી અને સુખી થયો તે કૃપા કરીને કહો. ગુરુ કહે–સાવધાન થઈને સાંભળ.

વીરવણિક વાર્તા :—

આજ જંબૂદ્વિપના દક્ષિણાર્ધ ભરતમાં શ્રીપુર નામનું સુંદર નગર હતું. તે નગર અનેક જિનેન્દ્ર મંદિરો રાજમંદિરો તથા અતિ મોટા ખજારાદિના વૈભવથી શોભતું હતું. તે નગરમાં પરાક્રમી એવો જીતારિ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શીયલ સુગંધીથી મહેખતી પ્રિયદર્શના

शैशवेऽभ्यस्त विद्यानां यौवने विषयैषिणाम् ।
वार्द्धके मुनिवृत्तिनां, योगान्ते तनूत्यजेत् ॥७॥

અર્થ :–બાલ્ય અવસ્થામાં જ્ઞાન સંપાદન કરવું, યૌવનમાં રેવાર પેદા કરવો, વૃદ્ધાવસ્થામાં મુનિવ્રત લેવું અને સમા· પૂર્વક શરીરનો ત્યાગ કરવો એ માનવગતિ પામ્યાન થઁકતા છે, એ પ્રમાણે રાજા જીતારિ પણ દીક્ષા લા ।રાધનાપૂર્વક સ્વપરનું કલ્યાણ સાધતાં વિચારવા લાગ્યા ‌વહિત–પરહિતને સાધે તે સાધુ" એ ચુક્તિ અનુસા ર્ષિએ પોતાનું જીવન વ્યતિત કર્યું.

હવે ભીમદેવ રાજ્યની ધુરાને ધારણ કરી પોતા જની માફક પોતાના રાજ્યના નાગરિકોનું પાલન પોષ તો હતો. એના રાજ્યમાં અન્યાય, વ્યભિચાર, ચોરી, જુગ ઠગ શોધ્યા પણ જડે નહિ. સર્વત્ર ધર્મીઓનું ધા ર્મની જ વાતો સંભળાતી. તેથી જ રાજામાં બે ગુણ મુ વા જરૂરી છે. તે જણાવે છે—

भीमकान्तै- नृपगुणैः सर्वभूतोपजीविनाम् ।
अधृष्यश्चाभिगम्यश्चे, यादो रत्नैरिवार्णवः ॥८॥

અર્થ :–ભીમ કહેતાં ભયંકર અને કાંત કહેતાં બે રાજાના ગુણો વડે રાજા સર્વ પ્રજાનું પાલન કં જીવો અવિનયી કે અવિવેકી હોય તેના પ્રત્યે કડક તે છે, અને વિનયી ને વિવેકી જીવો પ્રત્યે પ્રીતિ તે છે. જેમ કે, રત્નોને લઈને સમુદ્ર સેવવાયોગ્ય પ્રી

છે અને જગજંતુને ગાળે તે ફૂંવર પણ છે. તેમ શુભ
ગણધર જેવા એ ગુણને ધારણ કરે છે.

હવે ભીમદેવ એક વખત પોતાના મહેલના ઝરૂ
બેઠો બેઠો નગરચર્યા જોઈ રહ્યો હતો. ત્યારે તેની દ
એક જર્જરિત મકાન પર પડી. તેને ધારી ધારીને દે
રાજાને જાતિસ્મરણ જ્ઞાન થયું. અને પોતે એ જ મક
વીતાવેલી ગરીબાઈનો તેને સંપૂર્ણ ખ્યાલ આવ્યો. તે
મન વિચારવા લાગ્યો કે, પ્રભુ-જિન પૂજાનું ફળ તો
ક્યાં હું વીર વાણિયો અને ક્યાં હું ભીમદેવ નૃપ. "
આ પ્રભુપૂજાની જ બલિહારી છે કે, પૂજકને પણ
બનાવે છે. જો મેં પૂર્વભવમાં અભિગ્રહપૂર્વક પૂજાનો
ન પાળ્યો હોત તો આજે રાજ્યપદવી અને આવા
સુખ ક્યાંથી પામત! તો હવે મારે એનાથી ચ
મોક્ષ સુખ છે તે માટે ઉદ્યમ કરવો જોઈએ.

જાતિ સ્મરણમાં જીવ કેટલા પૂર્વભવ જોઈ શકે
બતાવે છે.

> पुव्वभवा सो पीच्छइ इक्कं दो तिन्निजाव नवभव
> उवरी तस्स अपस्सओ, सुहभावो जाइसरणस्स ॥१॥

અર્થ:–જ્ઞાનાવરણીયના ક્ષયોપશમયોગે જીવને
સ્મરણ જ્ઞાન થાય છે તે મતિજ્ઞાન યા મતિ અજ્ઞાનનો
ભેદ છે. તે જે જીવને થાય તે જીવ એક ભવ, બે
ત્રણ ભવ, યાવત્ નવ ભવ સુધી જુવે, જાણે પણ
વધારે જુએ, જાણે નહિ

લાવણ્ય જોઈને તેને થયું કે આ કોઈ દેવની મૂર્ત્તિ છે એમ વિચારી તેણે એક ઝુંપડી બાંધી. તેમાં તે મૂર્ત્તિ પધરાવી પછી હંમેશાં તે પ્રતિમાને નમસ્કાર કરતો હતો. વળી તે નમસ્કાર કરીને અંતરમાં આનંદ માનતો હતો. એ વાત તે કોઈને કહેતો નો' તો. એમ કરતાં કેટલોક કાળ ગયે છે આયુષ્ય પૂર્ણ થવાથી કાળ કરીને તેજ નગરમાં રાજાની રાણી પુષ્પવતીની કુક્ષીએ અવતર્યો. નવમાસે જન્મ થયે લોકો તથા માતપિતા રાજી થયા. રાજાએ જન્મ મહોત્સ કર્યો. ધનકુમાર નામ રાખ્યું. અનુક્રમે વિદ્યાઓ ભણી યુ અવસ્થાને પામતાં પિતાએ એક સુંદર રાજકુંવરી સાથે પાિ ગ્રહણ કરાવ્યું

એક વખત ઘોડે ચડીને મિત્રો સાથે શહેર બહાર ઘે ખેલાવતો હતો ત્યારે ત્યાં પરમેશ્વરની પર્ણકુટિ જોઈ. જાણે જૂની જાણીતી ન હોય તેમ તેને નિહાળતાં જા સ્મરણ જ્ઞાન થયું. અને પ્રભુજીની સ્તુતિ કરવા લાગ્યો.

पापं लुम्पति दुर्गतिं दलयति व्यापादयत्यापदं,
पुण्यं संचिनुते श्रियं वितनुतेपुष्णाति नीरोगताम् ।
सौभाग्यं विदधाति पल्लवयति प्रीतिं प्रसूते यशः,
स्वर्गं-यच्छति निर्वृत्तिं रचयत्यर्चार्हतां निर्मिता ॥२॥

અર્થ :— શ્રી જિન પ્રતિમાની કરેલી પૂજા અને ભવોના કરેલા પાપોનો નાશ કરે છે. દુર્ગતિને દળી નાં છે. આફતોનો નાશ કરે છે. પુન્યનો સંચય કરે છે. લક્ષ્મી વિસ્તારે છે. આરોગ્યતાને પોષે છે. સૌભાગ્યને આપે છે

ગતુરાસ્યને વધારે છે. યશ-કીર્તિને આપે છે. જીવને ર્ગ અને મોક્ષનો અધિકારી બનાવે છે. (૧)

એ રીતે રાજાએ કરેલ જિનેશ્વરની સ્તુતિ સાંભળી ા તેનાથી થતા લાભો વિચારી લોકો પણ શ્રી જિન- ની ભાવનાવાળા થયા. ત્યાર પછી ઘેર આવીને કુંવરે તાના માતપિતાને જાતિસ્મરણથી થએલ અનુભવ અને શ્રી નપૂજાનું મહત્ત્વ કહ્યું. તેથી રાજા રાણી પણ શ્રી અરિહં- ી પૂજામાં ભક્તિભાવવાળાં થયાં.

શ્રી ધનકુંવર પણ હમેશાં મહોત્સવપૂર્વક જિન ભક્તિ માં કાળ વિતાવવા લાગ્યો. રાજાએ તેને રાજ્ય યોગ્ય ી રાજ્યાભિષેક પૂર્વક રાજ સિંહાસન સોંપ્યું. અને તે દીક્ષા લઈ આત્મભાવના ભાવતાં સંલેખનાપૂર્વક દેહ- ગી સ્વર્ગે સિધાવ્યા.

ધન ભૂમિપતિ રાજ્યધુરાને સંભાળતાં પ્રજાજનોનું રૂડી તે રક્ષણ કરતાં પ્રજાનું પ્રીતિ સ્થાન બન્યા." લોકો પણ જાની રાજનીતિની કુશળતા જોઈ આનંદ અનુભવવા લાગ્યા. ાર પછી રાજાએ પોતાની રાજધાનીમાં અને અન્ય નગર ગામ ાદિમાં અનેક ચૈત્યો બનાવરાવ્યા. જિનબિંબોની પ્રતિષ્ઠાઓ ાવી. રાજસમૃદ્ધિનો સદુપયોગ કરતો સાતે ક્ષેત્રોમાં યોગ્ય તે દાન કરતાં જીવન સાફલ્ય કર્યું. અન્તે વૈરાગ્યપૂર્વક ક્ષા લઈ અતિ શુદ્ધ ચારિત્રની આરાધના કરી કેવળજ્ઞાન ગી આયુ ક્ષયે સિદ્ધિ પદને પામ્યા.

તિ જિનપૂજા મહત્ત્વમાં ચંદ્રગોપનો જીવ ધનરાજાનું દૃષ્ટાન્ત

સમાપ્ત.

। ॐ अर्हं नमः ।

સાધુ–ચર્યા

સાધુ નિયમ કુલક

: મંગલાચરણ :

भुवणिक्कपईवसमं, वीरं नियगुरुपए अ नमिऊण ।
वीरइअरदिक्खिआणं, जुग्गे नियमे पवक्खामि ॥१॥

અર્થ –: ત્રણ ભુવનમાં અદ્વિતીય દીપક સમાન શ્રી વીર પરમાત્માને તથા પોતાના ગુરૂદેવના ચરણને નમસ્કાર કરીને વીર પરંપરામાં અને બીજા પણ મોક્ષ માર્ગની આરાધના માટે દીક્ષિત્ થયેલાને (આરાધનમાં સ્થિર થવા માટે) પાલન કરવા યોગ્ય નિયમોને હું કહીશ. ૧

ભાવાર્થ : – કાળ–સંઘયણ–તથા મનોબલની ઉણપને લીધે પૂર્વાચાર્યોએ મોક્ષ માર્ગમાં સ્થિર કરવા માટે અપવાદો દ્વારા ખુબ ભગીરથ પ્રયત્નો કર્યા છે. તો પણ પોતાની સાધનાના ઉત્કર્ષમાં પ્રમાદ સેવતા સાધુઓ માટે આ નિયમો ઘડવાની આચાર્યશ્રીને શિરે ફરજ આવી પડી લાગે છે. નહિંતર–આગમમાં–દીક્ષાની પ્રતિજ્ઞા કરાવતી વખતે પાળવા યોગ્ય ઘણાં ખરા નિયમો આવી જાય છે. છતાં પોતાના સમયમાં મુનિઓને આચારમાં શિથિલ પરિણામવાળા જોઈને આ નિયમકુલકની રચના કરી છે, તે ખાસ એવા જીવો અંગે **યથાર્થ** જ છે. સજ્જનોનું તો એ કર્તવ્ય જ છે. "शुभे यथाशक्ति यतनीयं" શુભ કાર્યમાં યથાશક્તિ પ્રયત્ન કરવો, આ રીતે આ રચના પણ ભગવંતના માર્ગને પુષ્ટી કરવાવાળી જ છે.

મુનિ હાંસીને પાત્ર શાથી બને?—

निअउअरपूरणकला, आजीवियमित्तं होइ पवज्जा ।
घूलीहडीरायत्तणज्जा, सरिसा सव्वेसिं हसणिज्जा ॥२॥

અર્થ :— દીક્ષા કેવલ પોતાનું પેટ પૂરવાની કલા અગર આજીવિકાનું સાધન હોય તો તો ધુલેટીના તહેવારમાં રાજા બનેલાની જેમ (અગર તો નાટકમાં વેષ ભજવનારની જેમ) વેષધારી મુનિ હાંસીને પાત્ર થાય છે.

ભાવાર્થ :— આ ભેખમાં પણ જીવ ઇન્દ્રિયોનો ગુલામ બન્યો રહે તો મોક્ષાર્થ કેવી રીતે સાધી શકે? માટે આ પ્રવજ્યા યાને ભેખ જીવને ઇન્દ્રિયોની ગુલામીમાંથી છોડાવવા માટે આત્માર્થ સાધવા માટે આલંબન યાને સ્વરક્ષણ માટે અજોડ બખ્તર છે.

દીક્ષાની સફલતાનો માર્ગ

तम्हा पंचाचाराऽऽराहणहेउं, गहिज्ज इअ नियमे ।
लोआइकट्ठरूवा, पवज्जा जह भवे सफला ॥३॥

અર્થ :— મુનિ હાસ્યપાત્ર ન બને માટે પાંચ આચારને આરાધવા નિમિત્તે (આગળ કહીએ છે તે) નિયમો ગ્રહણ કરવા (પાળવા) તથા લોચાદિકરૂપ ગ્રહણ કરેલ પ્રવજ્યા સફલ થાય. ૩

ભાવાર્થ :— બહુરૂપી નાટકના પાત્ર જેટલી વખતે જે જે વેષ ધારણ કરે છે તેટલા ટાઇમ તો તેનું બહુમાન સાચવે છે. વેષ છોડ્યા પછી [illegible] પણ વેષમાં

નહિ જ. આખા વિશ્વને વિશ્વાસ (યાને કલ્યાણ) આપનાર મુનિવેષને ધારણ કરી મુનિ જેમ તેમ વર્તે અને પોતાને છુપાવવા ઢાંક પીછોડા (બહાના) કાઢી બચાવ કરે તે સ્વયં સંસાર સાગરમાં બૂડે અને સંઘને ડુબાડે. માટે આચારનું શુદ્ધ પાલન કરી દીક્ષાને સફલ કરવી એજ હિતાવહ છે.

પ્રથમ જ્ઞાનાચારનો નિયમ

नाणाऽऽराहणहेउं, पइदिअहं पंचगाहा पढणं मे ।
परिवाडीओ गिण्हे, पणगाहाणं च अट्ठो य ।।४।।

અર્થ :– જ્ઞાન આરાધન નિમિત્તે દરરોજ પાંચ ગાથા કરવી, યાને મુખપાઠ કરવી તે ગાથાઓને ગુરૂપરંપરાથી ગ્રહણ કરવી અને તેનો અર્થ પણ ગ્રહણ કરવો.

ભાવાર્થ :– મુખપાઠરૂપ દ્રવ્યજ્ઞાનનો ઉદ્યમ ભાવજ્ઞાનનું કારણ બને છે. અને જ્ઞાનાવરણીય કર્મને તોડનાર પણ છે. તો પછી અર્થવિચારણા તેના હાર્દને પામવા ઉપયોગી થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. જેમ આંધળો માણુસ રસ્તે ચાલવામાં મુઝાય છે તેમ અભણ માણુસ પણ સ્વકાર્ય સાધવામાં પણ મુઝાય છે માટે **જ્ઞાનારાધનમાં અપ્રમત્ત રહેવું જોઈએ.**

अण्णेसिं पढणत्थं पणगाहाओ लिहेमि तह्निच्चं ।
परिवाडीओ पंच य, देमि पढंताणं पइदियहम् ।।५।।

અર્થ :– બીજાઓને ભણવા માટે હું દરરોજ પાંચ

ગાથા લખીશ, પરંપરાએ ભણુનારાઓને દરરોજ પાંચ ગાથા ભણાવીશ.

ભાવાર્થ : – ભણેલું ભુલાઈ ન જાય માટે બીજાને ભણાવવું. જેથી પોતાનું ભણેલું તાજુ રહે. વળી શાસ્ત્ર આદિ લખવાથી મૂલ અર્થ અને ભાવાર્થની મનમાં સ્ફુરણા જાગે અને ચિત્ત બીજે ભટકતું અટકે, વગેરે. " ભણવું, ભણાવવું, લખવું " એમાં ઘણા લાભો છે, વળી આગળ વિશેષ જણાવાશે. ૫

वासासु पंचसया, अट्ठ य सिसिरे य तिन्नि गिम्हंमि ।
पइदियहं सज्झायं, करेमि सिद्धन्तगुणणेणं ॥६॥

અર્થ : – વર્ષાઋતુમાં પાંચસો, શિશિરઋતુમાં આઠસો, અને ગ્રીષ્મ ઋતુમાં ત્રણસો એમ સિદ્ધાન્તની ગાથાઓ ગણી દરરોજ સ્વાધ્યાય ધ્યાન કરૂ.

ભાવાર્થ — ચોમાસામાં ઋતુચર્યાની ક્રિયા વિશિષ્ટ અને વિહારની સ્થિરતાને લઈને પાંચસો ગાથાનો, શિશિરઋતુમાં વિહારનો સમય છતાં રાત્રી મોટી હોવાને લીધે આત્મા વધારે સ્વાધ્યાય કરી શકે તેથી શિશિરઋતુમાં આઠસો ગાથાનો, ઉનાળામાં ગરમીથી આત્મા અકલાઈ જાય તેથી મુનિભગવંત ઉપર અનુગ્રહ લાવીને ત્રણસો ગાથાનો સ્વાધ્યાય ગ્રંથ કર્તાએ બતાવ્યો છે તે સમયોચિતજ છે.

આટલું સ્વાધ્યાયઅર્થે રોજ કરે તો ઘર છોડયું અને દીક્ષા લીધી ને પોતાના હિતાર્થે સાર્થક થાય. ૬

જ્ઞાનાચાર અંગના નિયમો સમાપ્ત થયા–

હવે દર્શનાચારના નિયમો

परमिट्ठिनवपयाणं, सयमेगं पयदिणं समरामि अहं ।
—— ंगआयारे गहेमि नियमे इने सम्मम् ॥७॥

:– દર્શનાચારની આરાધના અંગે (પ્રથમ)
સ્કાર મંત્રનો એકસો વાર જાપ રૂપ સ્મરણ કરીશ,
ચાર અંગે બીજા આગળ કહીએ છીએ તે
ચક રીતે ગ્રહણ કરીશ.

ાર્થ : – જ્ઞાન આરાધનથી તત્ત્વનો અવબોધ થાય
આત્મા તથા અન્ય પદાર્થનું જ્ઞાન થાય છે. તે
ઃશંકિત બનવું તે દર્શનાચાર છે. તત્ત્વાવબોધમાં
દા ટકી રહે, તે માટે જ પંચપરમેષ્ટિ દ્વારા ગુરૂ
જે જ્ઞાન મળ્યું છે. તે પંચપરમેષ્ટિનું હમેશાં સો
રૂપસ્મરણ કરવું તે પંચપરમેષ્ટિનું સ્વાહૃદયમાં બહુ-
ા તો જ કરાય. માટે આચાર્યદેવે દર્શનાચારમાં
ત્ય નવકાર મંત્રનો સો વાર જાપ કરવાની ભલામણ
૭.

रे वन्दे निश्चं, पणसकत्थएहिं एकवारं अहम् ।
तिन्नि य वारा पइजामं वा जहासत्ति ॥८॥

અર્થ : – નિત્ય પાંચશક્રસ્તવથી હું એક વાર દેવ-
કરીશ. દરેક પહોરે બે ત્રણ વાર યથાશક્તિએ કરીશ.

ભાવાર્થ : – જો કેવલ દેવવંદનમાં જ આખો દિવસ
તો બીજા કાર્યોને પહોંચવું મુશ્કેલ પડે માટે એક વાર

ગાથા ગણીશ. પર્વ ગાથાઓ ભણનારાઓને દરરોજ પાંચ ગાથા ભણાવીશ.

ભાવાર્થ :— ભણેલું ભૂલાઈ ન જાય માટે બીજાને ભણાવવું. જેથી પોતાનું ભણેલું તાજું રહે. વળી શાસ્ત્ર આદિ ગણવાથી સૂત્ર અર્થ અને ભાવાર્થની મનમાં સ્ફુરણા થશે અને નિર્જરા બીજી બહુલું ગણશે, વગેરે. “ભણવું, ભણાવવું, ગણવું” એમાં ઘણા લાભો છે, વળી આગળ વિશેષ જણાવાશે. ૫

वासासु पंचसया, अट्ठ य सिसिरे य तिन्नि गिम्हंमि ।
पइदियहं सज्झायं, करेमि सिद्धन्तगुणणेणं ॥६॥

અર્થ :– વર્ષાઋતુમાં પાંચસો, શિશિરઋતુમાં આઠસો, અને ગ્રીષ્મ ઋતુમાં ત્રણસો એમ સિદ્ધાન્તની ગાથાઓ ગણી દરરોજ સ્વાધ્યાય ધ્યાન કરૂ.

ભાવાર્થ — ચોમાસામાં ઋતુચર્યાની ક્રિયા વિશિષ્ટ અને વિહારની સ્થિરતાને લઈને પાંચસો ગાથાનો, શિશિર-ઋતુમાં વિહારનો સમય છતાં રાત્રી મોટી હોવાને લીધે આત્મા વધારે સ્વાધ્યાય કરી શકે તેથી શિશિરઋતુમાં આઠસો ગાથાનો, ઉનાળામાં ગરમીથી આત્મા અકલાઈ જાય તેથી મુનિભગવંત ઉપર અનુગ્રહ લાવીને ત્રણસો ગાથાનો સ્વાધ્યાય ગ્રંથ કર્તાએ બતાવ્યો છે તે સમયોચિતજ છે.

આટલું સ્વકલ્યાણઅર્થે રોજ કરે તો ઘર છોડયું અને દીક્ષા લીધી તે પોતાના હિતાર્થે સાર્થક થાય. ૬

જ્ઞાનાચાર અંગેના નિયમો સમાપ્ત થયા–

ગાથા ભણીશ, પરંપરાએ ભણનારાઓને દરરોજ પાંચ ગાથા ભણાવીશ.

ભાવાર્થ :– ભણેલું ભુલાઈ ન જાય માટે બીજાને ભણાવવું. જેથી પોતાનું ભણેલું તાજુ રહે. વળી શાસ્ત્ર આદિ લખવાથી મૂલ અર્થ અને ભાવાર્થની મનમાં સ્ફુરણા જાગે અને ચિત્ત બીજે ભટકતું અટકે, વગેરે. "ભણવું, ભણાવવું, લખવું" એમાં ઘણા લાભો છે, વળી આગળ વિશેષ જણાવાશે. ૫

वासासु पंचसया, अट्ठ य सिसिरे य तिन्नि गिम्हंमि ।
पइदियहं सज्झायं, करेमि सिद्धन्तगुणणेणं ॥६॥

અર્થ :– વર્ષાઋતુમાં પાંચસો, શિશિરઋતુમાં આઠસો, અને ગ્રીષ્મ ઋતુમાં ત્રણસો એમ સિદ્ધાન્તની ગાથાઓ ગણી દરરોજ સ્વાધ્યાય ધ્યાન કરૂ.

ભાવાર્થ — ચોમાસામાં ઋતુચર્યાની ક્રિયા વિશિષ્ટ અને વિહારની સ્થિરતાને લઈને પાંચસો ગાથાનો, શિશિરઋતુમાં વિહારનો સમય છતાં રાત્રી મોટી હોવાને લીધે આત્મા વધારે સ્વાધ્યાય કરી શકે તેથી શિશિરઋતુમાં આઠસો ગાથાનો, ઉનાળામાં ગરમીથી આત્મા અકલાઈ જાય તેથી મુનિભગવંત ઉપર અનુગ્રહ લાવીને ત્રણસો ગાથાનો સ્વાધ્યાય ગ્રંથ કર્તાએ બતાવ્યો છે તે સમયોચિતજ છે.

આટલું સ્વકલ્યાણઅર્થે રોજ કરે તો ઘર છોડ્યું અને દીક્ષા લીધી તે પોતાના હિતાર્થે સાર્થક થાય. ૬

જ્ઞાનાચાર અંગેના નિયમો સમાપ્ત થયા–

હવે દર્શનાચારના નિયમો

परमिट्ठिनवपयाणं, सयमेगं पयदिणं समरामि अहं ।
अह दंसणआयारे गहेमि नियमे इमे सम्मम् ॥७॥

અર્થ :– દર્શનાચારની આરાધના અંગે (પ્રથમ) મેષ્ઠિ નમસ્કાર મંત્રનો એકસો વાર જાપ રૂપ સ્મરણ કરીશ, ૧ દર્શનાચાર અંગે બીજા આગળ કહીએ છીએ તે ામો સમ્યક્ રીતે ગ્રહણ કરીશ.

ભાવાર્થ : – જ્ઞાન આરાધનથી તત્ત્વનો અવબોધ થાય એટલે આત્મા તથા અન્ય પદાર્થનું જ્ઞાન થાય છે. તે ામાં નિઃશંકિત બનવું તે દર્શનાચાર છે. તત્ત્વાવબોધમાં ાર્થ શ્રદ્ધા ટકી રહે, તે માટે જ પંચપરમેષ્ઠિ દ્વારા ગુરૂ પરાએ જે જ્ઞાન મલ્યું છે. તે પંચપરમેષ્ઠિનું હમેશાં સો ; જાપરૂપસ્મરણ કરવું તે પંચપરમેષ્ઠિનું સ્વહૃદયમાં બહુ- ન હોય તો જ કરાય. માટે આચાર્યદેવે દર્શનાચારમાં મ નિત્ય નવકાર મંત્રનો સો વાર જાપ કરવાની ભલામણ ી છે. ૭.

देवे वन्दे निच्चं, पणसक्कत्थएहिं एकवारं अहम् ।
दो तिन्नि य वारा पइजामं वा जहासत्ति ॥८॥

અર્થ :– નિત્ય પાંચશક્રસ્તવથી હું એક વાર દેવ- ન કરીશ. દરેક પહોરે બે ત્રણ વાર યથાશક્તિએ કરીશ.

ભાવાર્થ :– જો કેવલ દેવવંદનમાં જ આખો દિવસ જે તો બીજા કાર્યોને પહોંચવું મુશ્કેલ પડે માટે એક વાર

[illegible]

ક્રીની કંઈક '' દો દેવ સેવામાં, [illegible] [illegible]

એ એમ ન થવું જોઈએ. ૮

> अट्ठमिचउद्दसीसु, सव्वाणि चेइयाइं वंदिज्जा ।
> सव्वेवि तहा मुणिणो, सेसदिणे चेइअं इक्कं ॥९॥

અર્થ :—આઠમ, ચૌદશ, "બહુવચનથી પૂ[illegible] પણ લેવી" અને પૂર્ણિમાના દિવસે જે ગામ–નગરમાં [illegible] હોય તેટલા શ્રી જિન ચૈત્યોને હું વાંદીશ તથા સંઘ[illegible] વડિલ સર્વે સાધુ મહારાજાઓને પણ હું વાંદીશ. બ[illegible] દિવસોમાં એક ચૈત્યને વાંદીશ. ૯

ભાવાર્થ :—આઠમ, ચૌદશ, પૂનમ એ ચારિત્ર તિ[illegible] છે તે દિવસે ચારિત્રને પુષ્ટિ આપનારી દર્શનશુદ્ધિ [illegible] કરીને કરવી જોઈએ. તેથી સર્વજિનબિંબોને અને [illegible] સંઘાડાના વડીલ મુનિઓને વાંદવાનું વિશેષ વિધાન [illegible]

વળી એથી વીર્ય બળની ફોરવણી પણ થાય છે. નવતા ગુણની વૃદ્ધિ થાય, નીચગોત્રકર્મોનો ક્ષય થાય વગેરે અનેક લાભો છે. એકાન્ત આત્માનું હિત જ થાય છે.

સર્વ આરાધનામાં આત્માએ લૌકિક ગુણની પ્રશંસા કરવી નહિ. ૯

દેવવંદન પછી ગુરુ વંદન ક્રમ જણાવે છે–

પइदिणं तिन्नि वारा, जिट्ठे साहू नमामि नियमेणं ।
वेयावच्चं किंचा गिलाणवुड्ढाइणं कुव्वे ॥१०॥

અર્થ :–હરરોજ ત્રણ વખત આચાર્ય–દીક્ષાગુરૂ તથા પર્યાયથી મોટા સાધુ ભગવંતોને અવશ્ય વંદન કરીશ. (કરૂં) તથા કાંઈક ગ્લાન–તથા વૃદ્ધ મુનિઓની વૈયાવચ્ચ પણ કરીશ. (કરૂં) ૧૦

ભાવાર્થ—માનવ માનવને ઉપયોગી (સહાયી) થાય તેમ સાધુ સાધુને ઉપયોગી (સહાયી) થાય. એ પણ સુકાર જ છે. તો આ આત્મકલ્યાણના ભગીરથ કાર્યમાં ઉત્તર સાધકની જરૂર પડે. તેથી શાસ્ત્રોમાં સાધુએ બાળ–ગ્લાન વૃદ્ધમુનિ ભગવંતની વૈયાવચ્ચ કરવી. એ રીતે આ માર્ગમાં ઉત્તર સાધકની જરૂર આવશ્યકતા જણાવી છે. વૈયાવચ્ચી રૂપ ઉત્તરસાધક ન હોય તો ઉપરોક્ત મુનીઓને મુશ્કેલીમાં મુકાવું પડે યાને આર્ત ધ્યાનનો પ્રસંગ આવી જાય અને પોતાનો ભવાન્તર બગડી જવાનો પ્રસંગ આવે. મહા–પુરૂષોએ તપાચારમાં મુનિભગવંતોને શિક્ષારૂપે અભ્યંતર

ભાવાર્થ :—પ્રતિલેખનામાં સ્વપર દયાનું મહત્વ એ છે કે જીવ બીજા પ્રાણીના પ્રાણ બચાવતાં પોતાની હિંસા થતી જતી અટકાવે છે. તેથી પરની દયામાં આત્મા ની દયાજ સમાવે છે. આથી જ મુનિ ભગવંતોએ પૂંજવા જેવામાં સુક્ષ્મ પ્રાણીઓનો બચાવ જ કરવાનો છે તેથી આને પર બંને તરફનો ઉપયોગ શુદ્ધિ પામે છે માટે કોઈએ પણ વાતમાં (ઠાંકું ઠાંકું) પૂંજવા પ્રમાર્જવાનું ન થવું જ કહ્યું છે.

વાણીની જયણા બતાવે છે

उग्घाडिय मुहेणं, नो भासे अहव जत्तियावारा ।
भासे तत्तियमित्ता, लोगस्स करेमि उस्सग्गम् ॥ १३ ॥
असणे तह पडिक्कमणे, वयणं वज्जे विसेसकज्जं विना ।
नियउवहिं च तहा, पडिलेहंतो न बेमि सया ॥ १४ ॥

અર્થ : હું ઉઘાડા મુખે બોલીશ નહિ. અથવા જેટલી ઉઘાડા મુખે બોલાય તેટલી વાર તેટલા લોગસ્સનો ઉત્સર્ગ કરીશ. તેમજ ભોજન વખતે, પ્રતિક્રમણ કરતાં તથા પોતાની ઉપધિનું પડિલેહણ કરતાં વિશિષ્ટ કાર્ય સિવાય કદીયા બોલીશ નહી. પ્રાયશ્ચિત પૂર્વની માફક જાણવું. —૧૪.

ભાવાર્થ : વચન અમૃત પણ છે ને ઝેર પણ છે, ફેન પણ છે હિમ પણ છે, તલવાર પણ છે, ઢાળ પણ જેવું વચન તેવું ફલ. અહિં ઉઘાડામુખે બોલવાની અમુક ...માં બીલકુલ નહિ બોલવાની વાત છે. મુનિ તો

ભાંગનો દોષ લાગે. અહો વીતરાગ શાસનની કેવી વ્યવસ્થા કે જીવ કર્મબંધથી બચે. ૧૬.

સંયમમાં બેદરકારી નિવારણ માટે

जत्थ व तत्थ व उज्झणि, दंडग-उवहीणं अंबिलं इ
सयमेगं सज्झायं, उस्सग्गे गणेमि अहम् ॥ १७ ॥

અર્થ :— દાંડો ઉપધિ જ્યાં ત્યાં રખડતાં મૂ હું એક આંબેલ કરીશ. અથવા કાયોત્સર્ગમાં એકસે ધ્યાય કરીશ. ૧૮.

ભાવાર્થ :—નિમિત્તાધીન જીવો બાહ્યપ્રવૃત્તિ બેદરકાર બને છે તો આત્માર્થમાં પણ બેદરકા તેમાં અસંભવ નથી કિન્તુ સંભવ જ છે તેથી (અકાલજી) નિવારવા માટે મહાપુરૂષે આ પ્રમાણ કરવાનો નિર્દેશ કરેલ છે.

— पारिष्ठापनिका समिति—

मत्तगपरिट्ठवणंमि अ, जीवविणासे करेमि निव्वि
अविहीइ विहरिऊणं, परिट्ठवणे अंबिलं कुव्वे ॥

અર્થ :— માત્રુ વિગેરે પરઠવતાં જીવની હિં તો નિવિ એક કરીશ, વળી અવિધિથી વહોરેલા પરઠવું તો આંબેલ કરીશ. ૧૮.

ભાવાર્થ :— સંયમીનિ સંવેગ વૈરાગ્ય પૂર્વકનુ જીવન જ હોવાથી દરેક ક્રિયામાં ઉપયોગ રાખવો છદ્મસ્થતાને લીધે તેમ કરતાં પણ ભૂલ થઈ જાય તો

ત કરવું પડે છે. એટલે આત્માર્થીને પોતાના પ્રાણ કરતાં
રકાના પ્રાણની રક્ષા તરફ જ લક્ષ હોય એજ સાચું
ત્માર્થીપણું છે–૧૮.

સ્થંડિલ જતાં કરવાની વિધિ–

अणुजाणह जस्सुग्गह, कहेमि उच्चार मत्तगठाणे ।
तह सन्ना डगलजोगकप्पतिप्पाइ वोसिरे तिअगम् ॥ १९ ॥

અર્થ : – ઠલ્લો અને માત્રુ કરતી વખતે જે ભૂમિ
ય ત્યાં આ ભૂમિ જેની હોય તે મને આ ક્રિયા માટે
નુજ્ઞા આપો. તેમજ ડગલ યોગ્ય પદાર્થ ગ્રહણ કરતાં પણ
પ્રમાણે અનુજ્ઞા લેવી પછી સંજ્ઞાદિ પૂર્ણ થાય એટલે
ણ વાર વોસિરે કહેવું ૧૯.

ભાવાર્થ : – સંયમી આત્મા સૂક્ષ્મ પણ અદત્તાદાનની
તેજ્ઞા હોવાથી ભૂમિ વગેરે અવગ્રહ માગવાનો આ માર્ગ
સ્રકારોએ જણાવેલ છે. પછી જે પદાર્થ ત્યાગ્યો છે તેની
થેનો સંબંધ મન–વચન–કાયાથી ત્યાગવાના વિધાનમાં
ણ વાર વોસિરે કરવાનો એ આચાર છે.–૧૯.

—બ્રહ્મચર્યાદિની યતના વિષય—

रागमयेमणवयणे, इक्किकं निव्विय करेमि अहम् ।
कायकुच्चिट्ठाए पुणो, उवासं वा अंबिलं वावि ॥२०॥

અર્થ :—જો મન તથા વચન રાગવાળાં થાય તો
ક એક નિવિ કરીશ. કાયથી કુચેષ્ટા થઈ હોય તો ઉપવાસ
આંબિલ કરીશ.–૨૦–

[illegible]

અર્થ : જો દ્વિન્દ્રિયાદિ જીવની અજાણથી હિંસા હોય તો જેટલી ઇન્દ્રિયવાળા જીવની હિંસા થઈ હોય તે નિવિઓ મારે કરવી. [illegible] આકુટ્ટિ વશથી [illegible] તો આંબિલ કરીશ ૨૧

ભાવાર્થ :-શ્રાવકને પણ નિરપરાધી ત્રસજીવોની [illegible] કરવાનું હોય છે. મુનિને તો ત્રસ અને સ્થાવર જીવોની [illegible] કરવાની પ્રતિજ્ઞા હોય છે. તેથી કોઈપણ જીવની જાણતાં [illegible] ણતાં હિંસા થઈ હોય તો અતિચાર લાગે છે તે અ[illegible] કે અનાચારનું પ્રાયશ્ચિત કરવાનું હોય છે. તેથી ઉપરોક્ત પ્રતિજ્ઞા કરે--૨૧-

पढमालिकाइ न गिण्हे, घयाइवत्थु ण गुरुं अदिट्ठा[illegible]
दंडगतप्पणगाई, अदिन्नगहणे य अंबिलयम् ॥२[illegible]

અર્થ :-નવકારસી એટલે પ્રથમના પહોરમાં હું [illegible] માટે નીકળીશ નહિ. (નવકારશી કરીશ નહિ)

શાય તે નક્કી કરી શકાય નહિ. તેવી જ રીતે ઉપધિની ચિંતાથી મુક્ત રહેવા માટે એક વર્ષથી અધિક ચાલે તેટલા વસ્ત્ર રાખવા ન જોઈએ. કારણ કે ગૃહસ્થને પહેરવા વસ્ત્ર મળશે તો મુનિને પહેરાવશે. જ્યાં ત્યારે વસ્ત્ર વહોરાવે તો ત્યારે ના કહેવી જોઈએ. ભવિષ્યમાં સારું વસ્ત્ર મળશે કે કેમ એવી શંકાવાળા મુનિને સત્ય પર શ્રદ્ધા છે કે કેમ એ પ્રશ્ન રહે છે. ગૃહસ્થને ત્યાં પોટલા બાંધીને મૂકનારનું તો પતન થયું છે એમાં શંકાને સ્થાન નથી. શું જીવની [illegible] "[illegible]" [illegible] નથી. -૨૩-

[illegible]

[illegible]



ાસી રાખવાથી અભક્ષ્ય ભક્ષણુ દોષ લાગે અને અજીવ
હેંસાનો પણ ભય રહે. મુનિને ક્ષાર આદિ નાખેલ પાણી
ાખવું પડે તે પણ જયણા પૂર્વક રાખવું જોઈએ અને
મેમાં બેદરકારી રાખે તો અનુભવ સિદ્ધ છે કે પાણીમાં
ીડીઓ મંકોડા વગેરે ચઢી જાય. મરી જાય છે, મહાન
હેંસા દોષ વહોરવો પડે છે. માટે જયણાનો ઉપયોગ ખુબ
ાખવો જોઈએ. ૨૪

રાત્રિ ભોજનના ત્યાગ વિશે

महारोगे वि अ काढं, न करेमि निसाइं पाणीयं न पिबे ।
सायं दोघडियाणं, मज्झे नीरं पि न पिबेमि ॥२५॥

અર્થ :– મહાન રોગ હોય તો પણ ક્વાથ (કાઢો)
ણુ સમયનો બનાવેલો હોય તે લઈશ નહિ. તેમજ રાત્રિએ
ાણી યા ઔષધિ પણ લઈશ નહિ. સાંજે સૂર્યાસ્તની બે
ડીમાં પાણી પીશ નહિ (સૂર્યા અસ્ત થતો હોય તેની બે
ડી પહેલાં જ બધું પતાવી દેવું જોઈએ.) ૨૫

ભાવાર્થ :– આત્માનુભૂતિ થઈ હોય એવા સમર્થ
ાત્માને તો મહારોગ બિચારો થઈને તેના પગમાં ઝુકી
ડે છે. તેવા આત્માને અભક્ષ્ય ઔષધિ લેવાની જરૂર પણ
ડે, તો પણ એ તો એમ જ સમજે કે અહો ભાગ્ય કે આજે
ર્મ ખપાવવાનો અવસર આવ્યો છે. મારે રાતના પાણી આહાર
વાનો વિકલ્પ કરવો યોગ્ય નથી. સંસારની અસારતા જાણ્યાની
ને જીવન સફલતાની ચાવી આનાથી બીજી કઈ હોય?
ને આજ સુંદર સંયમ પાલનનું મને લક્ષ રહો. ૨૫.

વળી ઉપરની વાતનો વિકલ્પ બતાવે છે-

अहवा निच्छिअसूरे, काले नीरं करेमि सयाकालं ।
अणहारोसहसंनिहि-मवि नो ठवेमि वसहीए ॥२६॥

અર્થ :— અથવા સૂર્યનો નિશ્ચય કરીને હું કાંઈક પાણી વાપરીશ. વિશેષમાં વસતિમાં (ઉપાશ્રયમાં) અણાહારી ઓષધિઓ પણ રાખીશ નહિ. ૨૬.

ભાવાર્થ :— સૂર્યના પ્રકાશમાં સૂક્ષ્મ જંતુઓની જયણા પાળી શકાય છે. સૂર્યના પ્રકાશ વગર સૂક્ષ્મ જંતુઓની હિંસા થવાનો ભય રહે છે. તેથી સૂર્યના પ્રકાશમાં ખાન-પાન પડિલેહણ વિગેરે કરવું કહ્યું છે. વળી રાત્રે પ[illegible] અણાહારી વસ્તુઓ ઉપાશ્રયમાં રાખવાથી અજાણ લોકો [illegible] કે મુનિઓ રાત્રે કંઈ ખાય છે. તેથી શાસનની હીલના [illegible] તેથી ગાથામાં કહેલા નિયમ બતાવ્યા છે.

[illegible] ગચ્છાચારના નિયમો -

રસના ઉપર કાબુ આવી શકે છે. રસના જેટલી સતેજ તેટલી બીજી ઇન્દ્રિયો સતેજ અને કષાયો પણ સતેજ. મહાપુરૂષે કહ્યું છે કે—

जिह्वे प्रमाणं जानीहि वचने भोजनेऽपि च। अतिभोक्तमहानर्थाय जायते

રસનાનાં બે કામ: ખાવું અને બોલવું. એમાં અતિ ખાવાનું કે બોલવાનું થઈ જાય તો આ ભવમાં અનર્થ થાય, ભવાન્તર બગાડે આતો મોક્ષપંથનો મુસાફર જો તેને વશ પડી જાય તો સંસારમાં રખડવાનું થાય. માટે મોક્ષપંથના મુસાફરને તપાચારની આરાધના માટે રસ ત્યાગ ખુબ જ ઉપયોગી છે આથી બાહ્યતપની ઉપયોગીતા જણાવી.

વિગઈઓ અંગે નિષેધ દેખાડે છે-

निव्वियतिगं च अंबिलदुगं च विणु नो कप्पेमि विगयमहम् ।
विगयदिणे खंडाइ णकार नियमो अ जावजीवम् ॥२८॥

અર્થ:- શ્રેણીબંધ ત્રણ નિવિ કે બે આંબેલ કરૂં તો વિગઈ મને કલ્પે તે સિવાય વિગઈ લેવી કલ્પે નહિ, જો વિગઈના દિવસ વગર વિગઈ લેવાય, (અર્થાત્ વિગઈનિયમનો ભંગ થાય) તો જાવ જીવ સુધી એક છુટી નવકારવાળી ગણવી-૨૮

ભાવાર્થ:- મન મર્કટને કબજે રાખવા તથા ઇન્દ્રિય અશ્વોને દમન કરવા માટે મુનિયો ઉપરોક્ત નિયમ અને તપ કરે છે. આનું નામજ જાગૃતિ, આગળ વધવાની ભાવના. ૨૮.

વિગયનો વિશેષ ત્યાગ

निव्वियाइं न गिण्हे—निव्वियतिगमज्झि विगयदिवसे अ
विगइं नोगिण्हेमि य, दुन्नि दिणे कारणं मुत्तुं ॥२९॥

અર્થ :– નિવિમાં વિગઈ ગ્રહણ કરૂં નહિ, ત્રણ નિવિમાં અને વિગઈના દિવસે (એટલે પૂર્વમાં કહેલ ત્રણ નિવિ પછીનો અને બે આંબેલ પછીનો) એટલે આ બે દિવસમાં કારણને છોડીને વિગઈ ગ્રહણ કરીશ નહિ. ૨૯

ભાવાર્થ :– જેમ તપનો અભ્યાસ વધતો જાય છે તેમ તેમ વિગઈની જરૂર ઓછી થતી જાય છે. અને ભાવ વૃદ્ધિ થયા કરે છે. ૨૯

આઠમ ચૌદશે ફરજીયાત તપ કરવો જોઈએ.

अट्ठमीचउद्दसीसु, करे अहं निव्वियाइं तिन्नि य ।
अंबिलदुगं च कुज्जे, उववासं वा जहासत्ति ॥३०॥

અર્થ :– આઠમ-ચૌદશે ત્રણ નિવિ, અથવા બે આંબેલ કરીશ. શક્તિ હોય તો ઉપવાસ કરીશ. ૩૦

ભાવાર્થ :– આઠમ ચતુર્દશી એ ચારિત્ર તિથિ છે. ચારિત્ર [illegible] છે. [illegible] મુનિઓએ [illegible] [illegible] છે. [illegible]

અર્થ :- મુનિઓએ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ ભાવને આશ્રીને યથાશક્તિ અભિગ્રહ દરરોજ ગ્રહણ કરવા જોઈએ. જીત કલ્પમાં કહ્યું છે કે જો મુનિ રોજ અભિગ્રહ ન કરે તો પ્રાયશ્ચિતને પાત્ર છે. ૩૧

ભાવાર્થ :- અભિગ્રહ કરવાથી જીવનની કસોટી વિશેષ થાય છે. કર્મ નિર્જરાનું એ અદ્વિતીય સાધન છે. દ્રવ્ય સંવરમાં વૃદ્ધિ થાય છે. વગેરે ઘણા ઘણા લાભો અભિગ્રહથી થાય છે. ૩૧

હવે વીર્યાચાર વિષયક જણાવે છે

विरियायारनियमे, गिण्हे कइ अवि जहासत्ति ।
दिणपणगाहा इणं अत्थं, गिण्हे मणेण सया ॥३२॥

અર્થ :- વીર્યાચારની આરાધના અંગે હું યથાશક્તિ કંઈક નિયમ ગ્રહણ કરૂં છું કે દરરોજ પાંચ ગાથા અને તેનો અર્થ ઉલ્લાસિત મને રોજ ગ્રહણ કરીશ.

ભાવાર્થ :- વીર્ય (પરાક્રમ) આત્મામાં અનન્તુ છે. જેમ ભૂમિમાં જલ ભરપૂર છે પણ ખોદવાથી નીકળે છે, તેમ આત્માનું અનન્તુ ભરપૂર વીર્ય પણ વીર્યાંતરાય કર્મ તોડવાથી પ્રગટ થાય છે. તેનો સામાન્ય પુરુપાર્થ આ ગાથામાં કહ્યો છે. ધીરે ધીરે આત્મા વધારે પુરૂપાર્થ કરતો થાય છે ૩૨

આ વાતને જ વધારે પુષ્ટ કરે છે

पणवारं दिणमज्झे, पमायचंताणं देमि हियसिक्खम् ।
एगं परिठवेमि, मत्तयं सव्वसाहूणं ॥३३॥

ભંગ કરૂ (એટલે માંડલિમાં આવશ્યકાદિ ન કરૂ તો) [illegible] કરીશ. આ કથનથી સાધુને ગુરૂ કુલવાસ કેટલો [illegible] તે પણ સમજાશે. એક નિયમ સાધુની શુશ્રૂષા [illegible] જણાવ્યો તે ગુરૂકુલવાસ વગર સાંભળી શકે નહિ. [illegible] સંસાર છે ત્યાં સુધી જીવને સાનુકૂળતા [illegible] શાતા જોઈએ છે) તો બીજાને સુખશાતા [illegible] (સુખશાતા) ક્યાંથી મળે. માટે આ [illegible] આત્માર્થીને બરાબર યોગ્ય જ છે. ૩૫

એજ બાબતને પુષ્ટ કરે છે —

[illegible]

[illegible]

[illegible]

હાય છે, ગુરુપાસે એ લાગ બેસ કે તે ત્યાં બેઠાં કરવાનું કૌતુક ખેડે ન કરવાનું તેમ, કેટલીક કર્મોમાં ગરીબ ... ધરી હોય પણ પાળીતી તે ત્યાં ... ... ધારવાનું પણ ... ... અનુભવી ... , ... ધારવાનું હોય છે. ૪૦

પ્રેરક ઉપદેશક છંદ ૭

दुक्करसंजमजुत्ताणवि, एए नियमा सुहावहा पायम् ।
जेहिं पि वेरग्गेणं गिहिवासो छड्डिओ तेसिं ॥४१॥

संपइकाले वि इमे, धरउं सक्के सुहेण जो नियमे ।
सो गहियाभिग्गहिणो, उभयभट्ठो मुणेयव्वो ॥४२॥

जस्स हिययंमि भावो, थोवो वि न होइ नियमगहणंमि ।
तस्स कहणं निरत्थय सिरिवायनिखुरच्छनाम् ॥४३॥

અર્થ :—દુષ્કર સંયમવાળા મુનિઓને પણ પ્રાય સુખરૂપ પાળી શકાય તેવા આ નિયમો છે જેઓએ કંઈક વૈરાગ્યથી પણ (સંસાર) ગૃહવાસ છોડ્યો છે તેઓને પણ આ નિયમ ગ્રહણ છે. ૪૧

વર્તમાન કાળમાં પણ આવું ધર્યને નિયમો કરવાને માટે શક્તિવાળો છતાં નિયમોને કરે નહિ તો સાધુપણાથી ગૃહસ્થપણાથી બંને રીતે ભ્રષ્ટ જાણવો. શાસનને બાર ભૂત જાણવો. ૪૨

જેનાં હૃદયમાં નિયમ ગ્રહણનો (નિયમપાળવાનો) થોડો પણ ભાવ ન હોય (નિષ્ઠુર હૃદય હોય) તેવાને કહેવું પણ

અર્થ :—સંઘયણબુદ્ધિની હાનીથી ઉત્કૃષ્ટ જિનકલ્પ વિચ્છેદ ગયો છે. પ્રતિમાકલ્પ પણ વિચ્છેદ ગયો છે, વર્તમાનમાં નથી. વર્તમાનમાં શુદ્ધ સ્થવિર કલ્પ વિદ્યમાન છે. ૪૫

तहवि जइ नियमाराहणविहिए जयणं करेसि ।
सम्मगुवउत्तचित्तो, तो नियमाराहगो होइ ॥४६॥

અર્થ :—તો પણ જો ચારિત્રમાં નિયમોનું વિધિપૂર્વક આરાધન કરવામાં ઉજમાળો થાય તો નિયમથી આરાધક થાય છે (બને છે) ૪૬

एए सव्वे नियमा, जे सम्मं पालयंति वेरग्गा ।
तेसिं दिक्खा सहिआ, सफला सिवसुहफलं देइ ॥४७॥

અર્થ :—જે વૈરાગી મુનિઓ આ સર્વ નિયમોને શ્રદ્ધાપૂર્વક સારી રીતે પાલે તે મહાત્માઓની ગ્રહણ કરેલી દીક્ષા સફલ છે. પરંપરાએ શિવસુખને દેવાવાળી છે. (મોક્ષ આપનારી છે) ૪૭

ભાવાર્થ—આ કુલકમાં કર્તાનો નામ નિર્દેશ નથી. પરંતુ પડતા કાળમાં મુનિઓની શિથિલતા દેખીને તેમના અનુગ્રહને માટે કોઈક ભાવદયાવાળા મુનિએ અગર-આચાર્ય ભગવંતે આ પ્રકરણ (કુલક) રચ્યું હોય તેવું અનુમાન થાય છે.

સાધુ-સાધ્વી મહારાજો પોતાના સ્વજીવન તરફ દૃષ્ટિપાત કરી જીવન વ્યતીત કરે તો પોતામાં રહેલી ક્ષતિ-શિથિલતા આદિ અવશ્ય માલમ પડે. જો માલમ પડે યાને દેખાય તો, જેમ રોગને દૂર કરવાની તાલાવેલી લાગે, તેમ-તે ક્ષતિ

શિથિળતા–નબળાઈ વિગેરે દૂર કરવા તાલાવેલી લાગ્યા વિ
રહેજ નહિ. તાલાવેલી લાગી તો તે પ્રમાણેનો પ્રયત્ન પ
જરૂર થાય. તેથી જ આ કુલકનો સંક્ષેપમાં અર્થ–ભાવાર્
વિચારીને લખવામાં આવેલ છે. તેને ત્યાગી, વૈરાગી, મુ
આત્માઓ સદુપયોગ કરી વીતરાગ પંથની આરાધના કરી
સ્વકલ્યાણ સાધે એજ–સાર્થકતા–અભ્યર્થના પણ એજ.

તા. ક. અર્થ અને ભાવાર્થ લખતાં કર્તાના આશય વિરુ
લખાયું હોય તેમજ શાસ્ત્ર આજ્ઞા વિરુદ્ધ પણ લખા
હોય તો ગીતાર્થાદિ ગુરૂઓની પાસે ક્ષમા માગું છું.

ઠે. ભાવસારવાડ — નિવેદક :

બોરસદ — ઝવેરી ચંપકલાલ

ી જૈન સદાચાર સાહિત્ય સમિતિ

મત-મતાંતરગચ્છ-સંપ્રદાય-કદાગ્રહ-વિતંડાવાદથી પર
ને સત્ય તત્ત્વનું શોધન કરી **શ્રી જૈન દર્શનની** સેવા
ાની ભાવના છે.

સાહિત્યમાં વૈરાગ્ય-ત્યાગ-તપ-જપ ધ્યાનના વિષયને
 નતા આપવામાં આવશે સાથે વ્યવહારનીતિ, રાજ્યનીતિ,
નીતિનું વગેરે વર્ણનનું પણ જ્ઞાન આપવામાં આવશે.

આ સમિતિનો લાભ શ્રી જૈન ધર્મને પાળતો કોઈ
ફીરકાના ભેદ ભાવ વિના લઈ શકશે.

આ સમિતિમાં રૂપિયા ૨૫-૦૦; (પચ્ચીસ)થી ૫૦૧
સો એક) સુધીનું દાન આપી આજીવન પર્યંતના સભ્ય
શકાય છે.

આ સમિતિમાં જે કાંઈ બુક કે પત્રિકા છપાય છે તે
કેકમાં હશે ત્યાં સુધી બુકની એક પ્રત સભ્યને સરનામા
સાર પોસ્ટથી કે હાથો હાથ પહોંચાડવામાં આવશે.

આ સમિતિમાં પરિગ્રહ રૂપ ભંડોળ જમા રાખવામા
વતું નથી. જ્યારે જ્યારે રકમનું કામ પડે છે ત્યારે ત્યારે
ા મુનિ, ભુખ લાગે ત્યારે ભીક્ષા માટે નીકળે છે તેમ
સમિતિ પણ શ્રી જૈન સંઘ આગળ માંગણી મૂકે છે.
ગુરૂના પસાયથી કાર્ય ચાલ્યા કરે છે.

ભેળ–સેળિયું, શીંગતેલ ખાતાં, ખૂજલી શરીરે થઈ,
સરકારી સાહેબે છાપો માર્યો, બુદ્ધિ બહેર મારી ગઈ....વાણિયો.

ઘર–વખારી ને હાટ–હવેલી, વેચીને વસુલાત થઈ;
છ મહિનાની સજા પામતા; રાજાની જોવા જેવી જોતે થઈ.
....વાણિયો.

મોચી ભાઈની વાત શી કરવી, ચંપલ જોડામાં ચતુરાઈ;
ઉપર નીચે અખંડ ચામડું, વચ્ચે કચરા ભાઈ....વાણિયો.

ખરીદ કર્યાં ને માંડ મહિનો થયો, તૂટવાની માંઠાણ મંડાઈ;
લોભીને સત્યાનંદ ક્યાંથી સાંભળે, દયા હૃદયથી થઈ....વાણિયો.

ॐ શ્રી વીતરાગાય નમઃ

ૐ શ્રી સદ્ગુરુભ્યો નમઃ

પશ્ચાતાપની સજ્ઝાય (સ્વાધ્યાય)

શી કહું કથની મારી રાજ, શી કહું કથની મારી;
મને કર્મે કર્યો ભિખારી રાજ, શી કહું કથની મારી. એ ચાલ ૧

સાધુ બનીને ચારિત્ર ન પાળ્યું, પૂજ્ય પનોતો બન્યો રાજ; શી.
ત્યાગી બનીને સંસારને પોષ્યો, નરકનાં ખાતાં બાંધ્યા
રાજ. શી. ૨

સાધ્વી બનીને સર્વજન છેતર્યા, બાધા આખડી મનાવી રાજ. શી.
નારી બનીને નખરાં કીધાં, પુરુષોને પતીત કીધા રાજ શી. ૩

પ્રધાન બનીને દેશ ડુબાડ્યો, ઇંદ્રિયોનો આનંદ માણ્યો રાજ.શી.
સગાસંબંધીને સુખી બનાવ્યા, દેશને દગો દીધો રાજ. શી. ૪

રાજ્યાધિકારી બન્યો છતાં પણ, રાજ્યની સેવા ન કીધી રાજ;શી.
લાંચ રુશ્વત લઈ લોકોને લૂંટ્યા, વ્યસન બધાં મેં સેવ્યાં
રાજ. શી. ૫

સેવકજી બનીને છેતરું સહુને, સેવામાં મેવા સ્વાદ્યા રાજ; શી.
નોકરી કરતાં કામ ચોરી કીધી, શેઠને છેતરી ઘર ભર્યું
રાજ. શી. ૬

વિદ્યાર્થી બનીને તોફાનો કર્યાં, ભણતરમાં ધ્યાન ન દીધું રાજ;શી.
બેંકોની માલ, મિલકત જલાવી, બુદ્ધિનું દેવાળું કાઢ્યું
રાજ. શી. ૭

જજ થઈને ન્યાય ન કીધો, વકીલ થઈ ગુરું લડ્યો રાજ; શી.
વૈદ્ય, હકીમ, ડોકટર થયો હું, દર્દીની દવા ન આણી રાજ. શી; ૮

બન્ને તરફથી પૈસા પડાવી, દવાની દુકાને ભાગ મારો રાજ; શી.
વાદી પ્રતિવાદી બન્નેને લૂંટ્યા, લોભનું લશ્કર વધાર્યું રાજ શી. ૯

ભક્ત બનીને ભોળાવ્યા લોકોને, કૂડની કાતર રાખી રાજ; શી.
અહિંસાની વાતો મોંઢેથી કરતો, ઘરાકનું ગળું મરડતો
રાજ. શી. ૧૦

કપાળે તીલક તીખું કરતો, શ્રાવકનાં વ્રત ધરતો રાજ; શી.
ઈન્કમ ટેક્ષને સુપરટેક્ષની, ચોરી કરી ચતુરાઈથી રાજ. શી. ૧૧

કૂડાં કાટલાં માનને માપાં, લેવા દેવાનાં જૂદા રાખું રાજ; શી.
ગજ દંતની પેરે જૂદા દેખાડું, ચોપડા સાચા ને ખોટા
રાજ. શી. ૧૨

પરિગ્રહ વ્રતમાં પોળ જ મારી, સગાસંબંધી સંતોષું રાજ; શી.
પ્રભુ આજ્ઞાનો ભેખ ધરીને, આજ્ઞા કદી ન પાળતો રાજ. શી. ૧૩

દાણચોરીની વાત શી કરવી, લાંચ દઈને ન લખતો રાજ; શી.
અનીતિનું ધન ખરચીને, સંસ્થામાં બોર્ડ ચિત્રાવું રાજ. શી. ૧૪

પ્રભુ પ્રતિમા, દેરાસર કરાવું, ઉત્સવ મહોત્સવમાં મહાલું રાજ. શી.
ગુરુજી કર્ણનું બિરુદ અપે, બન્ને ચોર કે શાહુકાર કહો?
રાજ. શી. ૧૫

મોટી સંસ્થાઓમાં ચિત્રો મૂકાવું, પાપ છુપાવવા સારું રાજ; શી.
કંકોતરી કઢાવું ડોઢ બે કુટની, ગુરુને આચાર્ય પદ અપાવું
રાજ. શી. ૧૬

ॐ अर्हं नमः

આત્મ–ભાવના

ભવ ભય ભંજન અંતરયામી,
કરુણા રસનો સાયર તું,
નાથ નિરંજન સંકટ ભંજન,
ત્હારે શરણે આવ્યો હું,
અજ્ઞાન અંધારું દૂર કરવાને,
જગતમાં સૂરજ એક જ તું,
ત્હારા વિના મન ક્યાંય ન ઠરતું,
સ્વીકાર અરજી મારી વિભુ.–૧
હું શરણાગત પરમારથ તું,
વિશેષ વિશેષ હું શું કહું ?,
કયા નામથી કયા રૂપથી,
ધ્યાવું તને હું પ્રશ્ન કરૂં ;
ગમ પડશે જો આત્મ મંથનમાં,
અંતરયામી મારો તું,
ત્હારથી નહિ અંતર રહેશે,
એ વાત હું સત્ય કહું.–૨